અપીલ અરજી નં.૩૪૬ તા.૧૧–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૮–૧૨–૦૯ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં આગળના ભાગે કયા કયા માળે કારખાના ચાલે છે તેની સંબંધિત વિભાગોના અધિકારી તેમજ કર્મચારી પાસે સ્થળ પર રૂબરૂ તપાસ કરાવી માહિતી આપવી તેમજ આ માહિતીની એક નકલ અંગ્રેજીમાં પણ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૬/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૮–૧૨–૦૯ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ધ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં આગળના ભાગે કયા કયા માળે કારખાના ચાલે છે તેની સંબંધિત વિભાગોના અધિકારી તેમજ કર્મચારી પાસે સ્થળ પર રૂબરૂ તપાસ કરાવી માહિતી આપવી તેમજ આ માહિતીની એક નકલ અંગ્રેજીમાં પણ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૦ તા.૨૨–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કઈ નારાજગીના આધાર ઉપર કરવામાં આવેલ છે તે જણાવેલ નથી. તે જણાવવા તથા મુળ અરજીમાં માંગેલ વિગતે "રૂબરૂ તપાસ કરાવી" ની માહિતી આરટીઆઈ એકટની કઈ જોગવાઈ હેઠળ માંગો છો? તેની સ્પષ્ટતા કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ વિગતો તથા જાહેર માહિતી અધિકારી તરફથી પણ કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૮–૧૨–૦૯ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ધ.નં.૪/૩૬૦ વાળી મિલકતમાં આગળના ભાગે કયા કયા માળે કારખાના ચાલે છે તેની સંબંધિત વિભાગોના અધિકારી તેમજ કર્મચારી પાસે સ્થળ પર રૂબરૂ તપાસ કરાવી માહિતી આપવી તેમજ આ માહિતીની એક નકલ અંગ્રેજીમાં પણ માહિતી આપવા બાબતે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી કે પ્રત્યુત્તર અથવા ઈન્કાર બાબતે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ કોઈ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જે બાબતે અરજદારે સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧૧–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદાર તરફથી માંગવામાં આવેલી માહિતી "રૂબરૂ તપાસ કરાવી " માહિતી માંગવામાં આવેલ છે. જે આરટીઆઈ કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામાં ડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી આરટીઆઈ એકટની જોગવાઈઓ અનુસાર દફતરી ઉપલબ્ધ જો કોઈ માહિતી પૂરી પાડવાની થતી હોય તો તે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,